**સમય સંદેશ**

પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૩૫૭-ઈ ત્રીજો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

જેઠ સુદ - ૦૪ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર


**આજનો સુવિચાર**

વ્યક્તિએ ક્યારેય તકની રાહ જોવી જોઈએ નહીં, કારણ કે આજે જે છે તે સૌથી મોટી તક છે!


વર્ષ: ૧૧ • અંક: ૧૯૮ • તારીખ: ૧૮.૦૬.૨૦૨૬, ગુરૂવાર • પાના:૪ • કિંમત રૂા. ૨.૫૦ • SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER • POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com • RNI NO. GUJ GUJ/2015/64531 • POSTAL REGISTERED NUMBER GJN-228 • OFFICE MOB. NO. 8866066060





ફ્રાન્સના એવિયન ખાતે યોજાયેલી ૫૨મી G7 સમિટમાં ૧૬ મહિનાના લાંબા અંતરાલ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે અત્યંત ફળદાયી મુલાકાત યોજાઈ હતી, જેમાં ટ્રમ્પે મોદીને 'શાંત અને જબરદસ્ત નેતા' ગણાવી વૈશ્વિક સ્તરે ભારતના રોલના મુક્તકંઠે વખાણ કર્યા હતા. આ વૈશ્વિક મંચ પર પીએમ મોદીએ હોર્મુઝ સ્ટ્રેટ જેવા મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગો પર ભારતીય નાવિકોની સુરક્ષાનો ગંભીર મુદ્દો ઉઠાવ્યો હતો અને પશ્ચિમ એશિયાના સંકટને કારણે ગ્લોબલ સાઉથ પર પડનારી લાંબાગાળાની આર્થિક અસરો અંગે ચિંતા વ્યક્ત કરી હતી. આ સાથે જ, સમિટ દરમિયાન G7 નેતાઓએ પ્રાદેશિક શાંતિ માટે અમેરિકા-ઈરાન સમજૂતીને વધાવી હતી, જ્યારે પીએમ મોદીએ ઇટાલી, બ્રિટન અને જર્મની જેવા દેશોના વડાઓ સાથે વેપાર, સંરક્ષણ અને ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગ મજબૂત કરવા અંગે મહત્વની બેઠકો યોજી હતી.

# મોદી-ટ્રમ્પ વચ્ચે યોજાઈ ઐતિહાસિક મુલાકાત: પશ્ચિમ એશિયા સંકટ અને વૈશ્વિક સુરક્ષા પર થઈ સઘન ચર્ચા

## ટ્રમ્પે કર્યા પીએમ મોદીના મુક્તકંઠે વખાણ: 'મોદી શાંત અને જબરદસ્ત નેતા છે': વર્કિંગ સેશનમાં ટ્રમ્પની મજાક અને વૈશ્વિક નેતાઓ સાથે પીએમ મોદીની દ્વિપક્ષીય બેઠકો: G7 નેતાઓએ અમેરિકા-ઈરાન સમજૂતીને વધાવી: હોર્મુઝ સ્ટ્રેટમાં સુરક્ષાનો મુદ્દો જોરશોરથી ગાજ્યો

**સમય સંદેશ: ડેસ્ક**

ફ્રાન્સના એવિયન ખાતે ચાલી રહેલી ૫૨મી G7 સમિટમાં ગઈકાલે બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે મહત્વપૂર્ણ મુલાકાત યોજાઈ હતી. છેલ્લા ૧૬ મહિના પછી થયેલી આ મુલાકાત દરમિયાન પીએમ મોદીએ હોર્મુઝ સ્ટ્રેટ ખુલ્લું રાખવા અને સમુદ્રમાં ભારતીય નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા પર વિશેષ ભાર મૂક્યો હતો. પીએમ મોદીએ જણાવ્યું હતું કે, ટ્રમ્પના નેતૃત્વમાં પશ્ચિમ એશિયામાં શાંતિની નવી આશા દેખાઈ રહી છે, જ્યારે વેસ્ટ એશિયાના સંકટને કારણે વૈશ્વિક સપ્લાય ચેઇનમાં આવેલી અડચણોની લાંબાગાળાની અસર ગ્લોબલ સાઉથ પર રહેશે.

અનુ પાના નં.૨ પર

# જામનગર: બ્રાસપાર્ટના ઉદ્યોગપતિના સગીર પુત્રના અપહરણ, ખંડણી અને ખૂનના આરોપી મયંક સંધાણીને આજીવન કારાવાસ

## સરકાર તરફથી સ્પેશિયલ પબ્લિક પ્રોસીક્યુટર અનિલ દેસાઈ અને મૂળ ફરિયાદી પક્ષે એડવોકેટ અશોક જોષીની ધારદાર રજૂઆતો સફળ રહી

**સમય સંદેશ: જામનગર**

જામનગરમાં વર્ષો પહેલાં બ્રાસપાર્ટના જાણીતા ઉદ્યોગપતિના સગીર વયના પુત્રનું અપહરણ કરી, ખંડણી માંગી અને નિર્મમ હત્યા કરવાના ચકચારી કેસમાં આજે અદાલતે ઐતિહાસિક અને સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. સમગ્ર પંથકને હચમચાવી મૂકનારા આ ગુનામાં સંડોવાયેલા મુખ્ય આરોપી મયંક સંધાણીને કાનૂની ન્યાયના સિદ્ધાંતોને આધારે આજીવન કારાવાસ (આજીવન કેદ) તથા આર્થિક દંડની આકરી સજા ફટકારવામાં આવી છે. સગીર બાળકના અપહરણ, ખંડણી અને હત્યાના ગંભીર ગુના સબબ અદાલતે આરોપી મયંક સંધાણીને કસૂરવાર ઠેરવીને આજીવન કેદની સજા ફટકારી છે. આ અત્યંત સંવેદનશીલ

અનુ પાના નં.૨ પર

# CM-DyCMના હસ્તે શાળા પ્રવેશોત્સવનો શુભારંભ, શિક્ષણમાં ગુજરાત અગ્રેસર




**સમય સંદેશ: ગાંધીનગર**

રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીનો શુભારંભ કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને DYCM હર્ષ સંઘવીએ શુભારંભ કરાવ્યો છે. નવી શિક્ષણ નીતિ અંતર્ગત સ્કૂલ કરીક્યુલમ ફ્રેમવર્ક અને સ્કૂલ ક્વોલિટી ફ્રેમવર્કનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. નિપુણ ગુજરાત કાર્યક્રમની શરૂઆત કરાવવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, નવી શિક્ષણ નીતિમાં એવું લાવો કે તબક્કાવાર બધા ફ્રેશ થતા રહે. અમારા બોલવાનો વારો આવે ત્યાં સુધી બધા થાકી જાય છે. હળવા અંદાજમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પીચ શરૂ કરી હતી. શાળા પ્રવેશોત્સવના ૨૩ વર્ષ પૂર્ણ થયા છે. પીએમ મોદી નાની બાબતોમાં અપાર સંભાવનાઓ જોવે છે. એમાંથી આપડે પાઠ ભણી રોજ શું નવું કરી શકીએ તે શીખ્યા છીએ.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ડ્રોપ આઉટ રેશીયો એક પર પોહોંચ્યો છે. પ્રવેશોત્સવમાં કોઈ બાકી ના રહી જાય તેના પર ફોકસ કરીએ. પહેલા ૩૫ ટકા ડ્રોપ આઉટ હતું અને તે સમયે નામાંકન ૧૦૦ ટકા ન

અનુ પાના નં.૨ પર

# ગુજરાતમાં શિક્ષકોનું રાજ્યવ્યાપી આંદોલન: જૂની પેન્શન યોજના અને TET/TAT મુક્તિની ઉગ્ર માંગ સાથે ધરણા અને રેલી

**સમય સંદેશ: ગાંધીનગર**

રાજ્યમાં સરકારી અને મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શાળાઓના શિક્ષકો પોતાની પડતર માંગણીઓને લઈને આરપારના મૂડમાં જોવા મળી રહ્યા છે. જૂની પેન્શન યોજના (OPS) ફરી લાગુ કરવા અને ફરજિયાત કરાયેલી TET (ટીચર્સ એલિજિબિલિટી ટેસ્ટ) તેમજ ઝઅઝ પરીક્ષામાંથી મુક્તિ મેળવવા માટે સમગ્ર રાજ્યમાં વિરોધ પ્રદર્શનનો દોર શરૂ થયો છે. આજે અમદાવાદ, પંચમહાલ અને છોટાઉદેપુર સહિતના જિલ્લામાં હજારો શિક્ષકોએ કલેક્ટર કચેરીઓ ગજવીને સરકાર સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. અમદાવાદ મ્યુનિસિપલ



કોર્પોરેશન (AMC) સંચાલિત શાળાઓના સેંકડો શિક્ષકો આજે કલેક્ટર કચેરી ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન અને ધરણા પર બેઠા હતા. શિક્ષકોએ એક વિશાળ રેલી યોજીને કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. વર્ષ ૨૦૦૫ પછી ભરતી થયેલા શિક્ષકો માટે પેન્શન બંધ કરાતા 'જૂની પેન્શન યોજના' ફરી શરૂ કરવાની માંગ છે. આ ઉપરાંત, વર્ષ ૨૦૧૦ પહેલાં સેવામાં જોડાયેલા શિક્ષકો માટે પણ સરકારે TET પરીક્ષા ફરજિયાત બનાવીને હકો અટકાવી દેતા શિક્ષકો નારાજ છે. કલેક્ટર કચેરી બહાર શાંતિપૂર્ણ ધરણા માટે શિક્ષકોએ બાંધેલો મંડપ પોલીસે વચમાં આવીને ખોલાવી

અનુ પાના નં.૨ પર

# GMDCના MD રૂપવંત સિંઘ રાજ્યના મુખ્ય ટેક્સ કમિશનર, આલોક કુમાર પાંડે બન્યાં આદિજાતી કમિશનર

**સમય સંદેશ: ગાંધીનગર**

રાજ્યના બે સિનિયર IAS અધિકારીઓની બદલીના અહેવાલ સામે આવી રહ્યા છે. મળતી માહિતી પ્રમાણે રૂપવંત સિંઘ અને આલોક કુમાર પાંડેની બદલી થઇ હોવાના અહેવાલ મળી રહ્યા છે.

મળતી માહિતી અનુસાર, વર્ષ ૨૦૦૪ બેચના IAS અધિકારી રૂપવંત સિંઘ હાલમાં ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GMDC)ના મેનેજિંગ ડિરેક્ટર તરીકે કામગીરી સંભાળી રહ્યા હતા. હવે તેમની નિમણૂક રાજ્ય કર વિભાગના ચીફ કમિશનર ઓફ સ્ટેટ ટેક્સ તરીકે કરવામાં આવી છે. જોકે, ઞ્ઢખઉઈના મેનેજિંગ ડિરેક્ટર તરીકેનો વધારાનો હવાલો પણ તેમની પાસે યથાવત રહેશે. બીજી તરફ, વર્ષ ૨૦૧૦ બેચના IAS અધિકારી આલોક કુમાર પાંડે, જેઓ અત્યાર

અનુ પાના નં.૨ પર

# જામનગર મહાનગરપાલિકાની કચેરીને ઉડાવી દેવાની ધમકીથી દોડધામ

## આસી. કમિશ્નરને ધમકીનો પત્ર મળ્યાની જાણકારી બાદ પોલીસની બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ અને ડોગ સ્કવોડનું ચેકીંગ: કોઈ વિસ્ફોટક ન મળ્યા



તસવીર: હિરેન ગાંધી

**સમય સંદેશ: જામનગર**

જામનગર મહાનગરપાલિકાના આસી. કમિશ્નરને જામનગર મહાનગર પાલિકામાં બોમ્બ મુકયો હોવાનો અને કચેરીને બોમ્બથી ઉડાવી દેવાનો ધમકી ભર્યો ઇમેલ મળતા જ તંત્રમાં ખળભળાટ મચી ગયો હતો. જેને લઇ સુરક્ષા એજન્સીથી સર્તક થઇ હતી. જામનગર મહાનગરપાલિકા કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી ભર્યા ઇમેલની જાણ થતાં જ જામનગર એલસીબી, એસઓજી, બોમ્બ સ્કવોડ, ડોગ સ્કવોડ સહિતનો પોલીસ કાફલો દોડી ગયો હતો. અને જામનગર મહાનગ રપાલિકા કચેરીને કોર્ડન કરી લેવામાં આવી હતી. તાબડતોબ સંપૂર્ણ કચેરી ખાલી કરી લેવામાં આવી હતી.સુરક્ષાના ભાગરૂપે તુરંત મુખ્ય પ્રવેશ દ્વાર બંધ કરી દેવામાં આવ્યો હતો અને લોકોની અવર જવર ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો હતો.


પોલીસ કાફલા દ્વારા જામનગર મહાનગરપાલિકા કચેરીમાં રહેલ કર્મચારીઓને મુલાકાતીઓને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતાં. અને સુરક્ષા એજન્સીઓ દ્વારા દરેક વિભાગમાં કડક ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. બોમ્બ સ્કવોડ દ્વારા આધુનિક સાધનોની મદદથી જામનગર મહાનગરપાલિકા કચેરીના દરેક માળ, ઓફીસો, પાર્કીંગ વિસ્તારમાં સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. કોઇપણ અનિચ્છનીય ઘટના ન બને તે માટે લોકોની અવર જવર બંધ કરી કોઇપણ શંકાસ્પદ વસ્તુ ઉપર ચાપતી નજર ગોઠવાઇ હતી. જામનગર મહાનગરપાલિકા કચેરીને

અનુ પાના નં.૨ પર

## તંત્રી સ્થાનેથી..

### ઉદ્યોગકારોની પરેશાની !

ભારતમાં આજે પણ કોઈએ એક નવી ફેક્ટરી શરૂ કરવી હોય તો કેટલી લાંબી સફરમાંથી પસાર થવું પડે છે, એનાથી વડાપ્રધાન કદાચ હજુ અજ્ઞાત છે. ગુજરાતના જ કેટલાક જિલ્લાઓ એવા છે કે જયાં અફાટ ઔદ્યોગિક સંભાવનાઓ હોવા છતાં કોઈ ત્યાં ઉદ્યોગ સ્થાપવાનું દુઃસાહસ કરતા નથી. કારણ કે રાજનેતાઓથી શરૂ કરીને અસામાજિક તત્વોની લાંબી કતાર તીડના ટોળાની જેમ ઉદ્યોગ પર ઉતરી પડે છે અને પોતાનો લાગ અને ભાગ જોવા લાગે છે. વિદેશી રોકાણકારોને આંખે પાટા નથી અને ભારતની વર્તમાન સરકારની નવા ઉદ્યોગો અંગેની નીતિથી વાકેફ થતાં તેઓને બહુ સમય લાગતો નથી. એનડીએ સરકારની ઈ.સ. ૨૦૧૪થી આજ દરમિયાનની ઈનિંગ વચ્ચે પણ મિસ્ટર મોદીએ તેમના વિશ્વ દર્શન પ્રવાસો દરમિયાન અનેકવાર વિવિધ વિદેશી વ્યાપારિક સમુદાયોને ભારતમાં આવવા અને ઉદ્યોગો સ્થાપવા આહ્વાન આપ્યું છે. જેનું કોઈ વિશેષ પરિણામ આવ્યું નથી. ઉપરાંત પાછલા વરસોના એ સમયગાળા દરમિયાન જ જીએસટી સહિતના કુઠારાઘાતથી દેશની ઉત્પાદન પ્રક્રિયા ઠેબે ચડી ગયેલી છે જેની આખા જગતને ખબર છે. ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં અગાઉ ભારત ટોપ ટ્વેન્ટીમાં હતું અને આગામી ઓક્ટોબરે વિશ્વ બેન્ક દ્વારા સત્તાવાર રીતે એના રેન્કિંગ જાહેર થવાના છે. જેમાં ટોપ ટેન પણ જાહેર થશે. પરંતુ ટોપ ટ્વેન્ટીના સમુદાયમાં તો પાકિસ્તાન પણ છે અને મ્યાનમાર પણ છે. એટલે વિશ્વ બેન્કે આ રેન્કિંગ નક્કી કરવાના ધોરણોમાં જરૂર કરતા વધારે ઉદારતા દાખવી હોવાની અર્થશાસ્ત્રીઓને આશંકા છે. જો કે એને કારણે આ પ્રકારના રેન્કિંગની વિશ્વસનીયતા પણ ઘટે છે. વડાપ્રધાન મોદી કદાચ એ સાવ સામાન્ય સત્ય ચૂકી ગયા છે કે નિમંત્રણ આપવાથી રોકાણકારો આવે એ રસ્તા લેવાને બદલે પોતાના ઘર આંગણાના ઉદ્યોગોને સાનુકૂળ હવામાન પૂરું પાડવાથી અહીંનો પ્રગતિશીલ ગ્રાફ જોઈને જ રોકાણકારો આપોઆપ ઉડી આવશે. વડાપ્રધાનની યાત્રાનો પ્રભાવ દુનિયાભરમાં જોવા મળે છે પરંતુ એ જેટલો મોદીના ફાયદામાં છે એટલો ભારતના ફાયદામાં છે કે નહીં એ સર્વેક્ષણ જરૂરી છે. આ પ્રભાવ એક તો વિદેશ વસતા ભારતીયો પર વિશેષ છે. પરંતુ ત્યાંના ઉદ્યોગપતિઓ અને મલ્ટીનેશનલ કંપનીઓ પર એની શું અસર છે તે નક્કી નથી. ગુજરાતમાં મુખ્યમંત્રી હતા ત્યારથી વિદેશી ઉદ્યોગપતિઓ અને વિવિધ મલ્ટી નેશનલ કંપનીઓને કંકોતરી વહેંચતા રહ્યા છે.


## હાલારના હાલહવાલ


# પીએમ પોષણ યોજના ખાનગી એનજીઓને આપવાને લઈને જામ કલ્યાણપુર તાલુકામાં વિરોધનો વંટોળ



## મામલતદારને અપાતું રોષપૂર્ણ આવેદન

**સમય સંદેશઃ ભાટિયા (અશ્વિન જોશી દ્વારા)**

રાજ્ય સરકાર દ્વારા પીએમ પોષણ યોજના ખાનગી એનજીઓને આપવાને લઈને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગુજરાત કરાર આઉટ શોસિંગ રોજમદાર કર્મચારી મહામંડળ સંઘનો વિરોધ પીએમ પોષણ યોજનામાં કામ કરતા રસોઈયા તથા કર્મચારીઓ અને સ્ટાફગણમાં મહિલાઓમાં ભારે રોસ ફેલાયો છે. કર્મચારીઓ જે સ્થિતિ છે તે જાળવી રાખવા અને પીએમ પોષણ યોજના એનજીઓને ન આપવા પગાર વધારા સહિતની માંગણીઓ કરતું આવેદનપત્ર આપવામાં આવેલ. જો ખાનગી સંસ્થાઓને આ સોપવામાં આવશે તો ૮૮,૦૦૦ જેટલા કર્મચારીઓ બે ઘર બની જશે માટે આ કર્મચારીઓના હિત ખાતર અને ૪૭ લાખ જેટલા બાળકોના હિત માટે આ ખાનગી સંસ્થાઓને આ ન સોંપવા માટે જામ કલ્યાણપુર પીએમ પોષણ યોજના ના પ્રમુખ આલાભાઇ વારોતરીયા, સામતભાઈ લગારીયા તેમજ પીએમ પોષણ યોજનાના પ્રદેશ કન્વિનર વીરાભાઇ ચેતરીયાએ જામ કલ્યાણપુર તાલુકા મામલતદારને આવેદનપત્ર આપેલ છે. તેમાં પગાર વધારે સહિતની વિવિધ માંગણીઓ કરવામાં આવેલ છે. જો રાજ્ય સરકાર દ્વારા તાત્કાલિક યોગ્ય નિર્ણય લેવામાં તેવી વિસ્તૃત રજૂઆતો માન્ય મુખ્યમંત્રી ,શિક્ષણ મંત્રી અગ્ર સચિવ સહિતને રજૂઆત કરવામાં આવી છે. છેલ્લે છેલ્લે કલ્યાણપુર તાલુકાના તમામ સંચાલકો ભાઈઓ બહેનોએ વિરોધ દર્શાવેલ છે તેમ છતાં આવનારા દિવસોમાં મોટા પાયે લડત થવાના એંધાણ દેખાઈ રહ્યા છે.

# અધિક માસ દરમ્યાન ૧૭ લાખથી વધુ ભાવિકોએ દ્વારકાધીશના દર્શન કર્યા



**સમય સંદેશઃ દ્વારકા**

યાત્રાધામ દ્વારકામાં સોમવારે પૂર્ણ થયેલા પાવન પુરૂષોત્તમ માસ (અધિક માસ) દરમ્યાન ગોમતી નદી તેમજ દ્વારકાધીશ મંદિર તથા દ્વારકા દર્શન સર્કિટના તીર્થ સ્થળો તેમજ પર્યટન સ્થળો પર શ્રધ્ધાનો મહાસાગર ઉમટયો હતો.

તા. ૧૭ મે થી તા. ૧૫ જૂન સુધીમાં આશરે ૧૭ લાખથી વધુ ભાવિકોએ ઠાકોરજીના ચરણોમાં શીશ ઝુકાવ્યું હતું. અધિક માસ દરમ્યાન જગતમંદિરમાં ભાવિકો દ્વારા શ્રધ્ધાભેર રૂપિયા ૩.૭૦ કરોડથી વધુ રકમના દાનની સરવાણી શ્રીજીના ચરણોમાં કરવામાં આવી હતી. તેમ દ્વારકાધીશ મંદિરના વહીવટદાર હિમાંશુ ચૌહાણની યાદીમાં જણાવાયું છે. આ સાથે અધિક માસ દરમ્યાન લાખો ભાવિકોએ પવિત્ર ગોમતી સ્નાનનો લ્હાવો લઈ પુણ્યનું ભાથું બાંધ્યુ હતું. ઉનાળુ વેકેશન દરમ્યાન અધિક માસ આવતા ગત અધિક માસ કરતા આ વખતે ભાવિકોની સંખ્યામાં વધારો જોવા મળ્યો હતો.

# સલાયાના મુખ્ય માર્ગો પર ફૂટમાર્ચ યોજાઇ



સલાયા મરીન પોલીસ દ્વારા આવનારા તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે એ હેતુથી એસપી જયરાજસિંહ વાળાના માર્ગદર્શન હેઠળ ફુટમાર્ચ યોજી હતી.આ ફુટ માર્ચ સલાયાના પીઆઇ જે.એમ.ચાવડાની આગેવાનીમાં યોજવામાં આવી હતી.જેમાં મોટી સંખ્યામાં પોલીસ સ્ટાફ દ્વારા વિવિધ માર્ગો ઉપર ફૂટમાર્ચ કરી હતી.

## જામજોધપુર તાલુકાના ગોપમાં જુગાર દરોડો



**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુર તાલુકાના મોટી ગોપગામે લાઇટ ના અંજવાળે જુગાર રમી રહેલ રાજશી પાથર કારા પાથર પ્રતિક જોષી જેરામ પાથર દેવાભાઈ પાથર હરામુખભાઈ પાથરને ત્રીસ હજાર છસો ચાલીસ રોકડા દશ હજારની કિંમતના મોબાઈલ ફોન ચાર નંગ તેમજ મોટર સાયકલ કુલ ચાર કિમત પંચોતેર હજાર કુલ મુદ્દામાલ એકલાખ પંદર હજાર છસો ચાલીસ સાથે જામજોધપુર પોલીસે પકડી પાડેલ છે.

# જામજોધપુરના સોનવડીયા ગામે વિદ્યાર્થી સાથે બેશરમ ઢગાની જાતીય સતામણી

**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુર તાલુકાના સોનવડીયા ગામે ઈન્દિરા સોસાયટીમાં રહેતા એક વ્યક્તિએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેમનો ૧૫ વર્ષનો પુત્ર શાળાએ અભ્યાસ માટે તેમજ ગામમાં દુકાને જતો હતો. દરમિયાન આરોપી રાણાભાઈ નૈયાભાઈ રાડા (રબારી), રહે. સોનવડીયા ગામે અગાઉ આપેલા રૂ. ૨૦ના બહાને સગીર પાસે રૂ. ૩ હજારની માંગણી કરી હતી.

ફરિયાદ અનુસાર આરોપીએ રૂપિયા નહીં આપવાના બદલામાં સગીર સાથે અશ્લીલ અને બિભત્સ પ્રકારની શરીર સંબંધ બાંધવાની માંગણી કરી હતી. સગીરે આ માંગણીનો ઈનકાર કરતા આરોપીએ સગીર તેમજ તેના પિતાને જાનથી મારી નાખવાની ધમકી આપી જાતીય સતામણી કરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ બનાવ અંગે જામજોધપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાઈ આગળની તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર એન.બી. ચૌહાણ ચલાવી રહ્યા છે.

## તારી કવિતા

હા કોપી કરું છું એ વાત ખરી છે,
આ કવિતા તને જોઈ જોઈને લખી છે.
તારી ઓઢણી પરથી મેઘધનુષ બનાવ્યું,
તારી ઝુલ્ફો જોઈને વાદળી ચીતરી છે.
તારો ચેહરો જોઈને ચાંદ ચીતરું છું,
ગાલ પરથી બનાવી ગુલાબી કળી છે.
તારી હથેળી જોઈ બનાવી વેલની પાંદડી,
તારા હાથ જોઈ લખું કમલ ની ડાળખી છે.
તારી આંખો જોઈ સમંદર સર્જ્યો,
તારી અદાઓ જોઈ લહેરો ઉમટી છે.

**રચયિતાઃ ડો.કે.જે.ગઢવી**

# ખેડૂતો બાદ હવે શિક્ષકોનો મોરચો! પડતર માંગણીઓ મુદ્દે રાજ્યભરમાં આંદોલનની ચીમકી

**સમય સંદેશઃ જામનગર**

રાજ્યમાં ખેડૂતોના આંદોલન બાદ હવે શિક્ષક સંગઠનો પણ પોતાની વિવિધ પડતર માંગણીઓને લઈને સરકાર સામે મેદાનમાં ઉતર્યા છે. શિક્ષકો દ્વારા આગામી દિવસોમાં ઉગ્ર આંદોલનની ચીમકી આપવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, શિક્ષક સંગઠનોએ પોતાની માંગણીઓ સરકાર સુધી પહોંચાડવા માટે ચોક્કસ રણનીતિ ઘડી છે. આ આયોજનના ભાગરૂપે આગામી ૨૦ જૂન સુધી રાજયભરમાં ધરણા-પ્રદર્શન યોજવામાં આવશે. સાથે જ સ્થાનિક તંત્ર અને સંબંધિત અધિકારીઓને આવેદનપત્ર આપી માંગણીઓ રજૂ કરવામાં આવશે. શિક્ષકોની મુખ્ય માંગણી વર્ષ ૨૦૧૦ પહેલાં ભરતી થયેલા શિક્ષકોને ઝઊઝ પરીક્ષામાંથી મુક્તિ આપવા અંગે છે. સંગઠનોનું કહેવું છે કે વર્ષોથી સેવા આપી રહેલા શિક્ષકો માટે ઝઊઝ ની શરત યોગ્ય નથી અને સરકાર આ મુદ્દે હકારાત્મક નિર્ણય લે નહિંતર શિક્ષણ જગત ઉપર મોટી અસર પડશે. શિક્ષક આગેવાનોનું કહેવું છે કે જો સરકાર દ્વારા માંગણીઓ પર યોગ્ય ધ્યાન નહીં અપાય તો આગામી સમયમાં આંદોલન વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી શકે છે.



## અવસાન નોંધ

**જામનગરઃ** જામનગર નિવાસી ધનલક્ષ્મીબેન દિનેશભાઇ ગુંદીગરા (ઉં.વ.૬૫)નું તા.૧૬.૬.૨૬ ને મંગળવારના અવસાન થયું છે. તેઓ ગુંદીગરા દિનેશભાઇના પત્ની, અલ્પેશભાઈ, રવિભાઈ તથા જીજ્ઞાબેનના માતા થાય.


## સરકારમાન્ય બૉન્ડ રાઈટર

**સરકારી સોગંદનામા, ભાડા કરાર, વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન, કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.**

**નોટરીને લગતાં કામ માટે મળો**

**અભિજીત જયંતકુમાર દવે**

**મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯**


## અનુસંધાન

### દોઢ દાયકા પૂર્વે નોંધાયેલા

(પાના નં. ૪ થી આગળ)

રાજસ્થાનના જયપુર ખાતે પહોંચીને ત્યાંથી દબોચી લેવામાં આવ્યો હતો. વધુ તપાસ અર્થે આ શખ્સનો કબજો ખંભાળિયા પોલીસને સોંપવામાં આવ્યો છે. આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોશી, પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારી, એમ.આર. સવસેટા, એસ.વી. કાંબલીયા. ડી.એ. વાળા, યુ.કે. જાદવ તેમજ ટેકનિકલ સ્ટાફ સાથે ખંભાળિયા, ભાણવડ અને કલ્યાણપુર પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

### દારૂ ઝડપાયો

(પાના નં. ૩ થી આગળ)

ગયો હતો. જ્યારે જથ્થો પૂરો પાડનાર તરીકે બાલુ કોડીયાતર અને મંગાવનાર તરીકે નદીમ (રહે.બેડેશ્વર એકડેએક બાપુની દરગાહ) નામના શખ્સની સંડોવણી સામે આવતા તેને ફરારી જાહેર કરી તપાસ હાથ ધરાઇ છે.

### ધમકીથી દોડધામ

(પાના નં. ૧ થી આગળ)

બોમ્બથી ઉડાવી દેવાના ધમકી ભર્યા ઈમેલને પગલે કચેરી તથા આજુબાજુના વિસ્તારમાં ભયનો માહોલ છવાયો હતો. જોકે તંત્ર દ્વારા તાત્કાલીક ચાપતો બંદોબસ્ત ગોઠવી તપાસ શરૂ કરી દેવામાં આવી હતી. આ ઈમેલ કયાંથી આવ્યો તે બાબતે પણ તપાસ શરૂ કરવામાં આવી હતી. જામનગર મહાનગરપાલિકામાં બોમ્બ મુકાયા અંગેનો ઇ મેઇલના કારણે મેયર મોનિકાબેન વ્યાસ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ધીરેન મોનાની, સહિતના પદાધિકારીઓ કોર્પોરેટરો તેમજ અધિકારીઓ અને કમેચારીઓ મહાનગરપાલિકાની બહાર મેદાનમાં દોડી આવ્યા હતા.

મેયર મોનિકાબેન વ્યાસે સુરક્ષા એજન્સીઓ અધિકારીઓ જોડે વાતચીત કરીને માહિતી મેળવી હતી. બોમ્બ મુકાયા અંગે ઇ મેઈલને લઈ લોકોના ટોળા મહાનગરપાલિકા બહાર એકત્ર થયા હતા. જો કે દોઢેક કલાકની તપાસ બાદ કશુ વાંધાજનક ન મળતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

### મોદી-ટ્રમ્પ

(પાના નં. ૧ થી આગળ)

G7 સમિટના વર્કિંગ લંચ સ્ટેટમેન્ટ દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લીડરશિપના મુક્તકંઠે વખાણ કર્યા હતા. ટ્રમ્પે પીએમ મોદીને 'કૂલ, શાંત અને જબરદસ્ત વ્યક્તિ' ગણાવતા મજાકિયા અંદાજમાં કહ્યું હતું કે, ''હું મોદી જેવો શાંત નથી.'' આ સાથે જ ટ્રમ્પે ઉમેર્યું કે, જ્યાં સુધી મોદી ભારતના નેતા છે, ત્યાં સુધી ભારત વૈશ્વિક સ્તરે ખૂબ મોટી ભૂમિકા ભજવતું રહેશે. તેમણે મોદીને પોતાના ખૂબ સારા અને જૂના મિત્ર ગણાવીને ભારત-અમેરિકા વચ્ચે ચાલી રહેલી ટ્રેડ ડીલ અને મજબૂત આર્થિક સંબંધોની પ્રશંસા કરી હતી.

ગઈકાલે સમિટના વર્કિંગ સેશનમાં જ્યારે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ થોડા મોડા પહોંચ્યા ત્યારે બધા નેતાઓ તેમની તરફ જોઈ રહ્યા હતા. ટ્રમ્પે થોડીવાર રોકાઈને મજાકમાં ''આઈ એમ ધ બોસ'' કહેતા જ આખું સદન હસી પડ્યું હતું. બીજી તરફ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સમિટ દરમિયાન વૈશ્વિક નેતાઓ સાથે મુલાકાતોનો દોર ચાલુ રાખ્યો હતો. તેમણે ઇટાલીના પીએમ જ્યોર્જિયા મેલોની, બ્રિટનના પીએમ કીર સ્ટારમર, જર્મનીના ફેડરલ ચાન્સેલર મર્ઝ તેમજ યુરોપિયન યુનિયન (EU) કાઉન્સિલ અને ઇકોનોમિક કમિશન (EC)ના પ્રેસિડેન્ટ સાથે વેપાર, રોકાણ, આઈટી અને સંરક્ષણ જેવા ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગ વધારવા અંગે ફળદાયી ચર્ચાઓ કરી હતી.

ગઈકાલે સમિટના બીજા દિવસે G7 દેશોના નેતાઓએ અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલી ઐતિહાસિક સમજૂતીનું સ્વાગત કર્યું હતું અને તેને પ્રાદેશિક સુરક્ષા માટે મહત્વનું પગલું ગણાવી ટ્રમ્પના નેતૃત્વની પ્રશંસા કરી હતી. આ સમિટમાં હોર્મુઝ સ્ટ્રેટનો મુદ્દો પણ મુખ્ય રહ્યો હતો, જ્યાં છેલ્લા ૧૦૮ દિવસમાં ૪૬ જહાજો પર હુમલા થયા છે અને અનેક ભારતીય નાગરિકોએ જીવ ગુમાવ્યા છે. પીએમ મોદીએ આઉટરીચ સેશનમાં આ વૈશ્વિક વેપાર માર્ગ પર નાવિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવી એ તમામ દેશોની સામૂહિક જવાબદારી હોવાનું સ્પષ્ટ જણાવ્યું હતું.

### આજીવન કારાવાસ

(પાના નં. ૧ થી આગળ)

અને ચકચારી કેસમાં સરકાર પક્ષ તરફથી સ્પેશિયલ પબ્લિક પ્રોસીક્યુટર તરીકે સીનીયર ધારાશાસ્ત્રી અનિલ દેસાઈ રોકાયા હતા, જેમણે કોર્ટ સમક્ષ મજબૂત પુરાવાઓ રજૂ કર્યા હતા. ભોગ બનનાર ઉદ્યોગપતિ પરિવાર અને મૂળ ફરિયાદી તરફથી જામનગરના જાણીતા એડવોકેટ અશોક જોષી કાનૂની લડતમાં રોકાયા હતા. બંને સીનીયર ધારાશાસ્ત્રીઓની સચોટ દલીલોને પગલે ન્યાયાલયે આરોપીને કડક સજા ફટકારી છે. તાલીખ ૧૭-૦૬-૨૦૨૬, બુધવારના રોજ આવેલા આ મોટા ચુકાદાને પગલે જામનગરના કાયદાકીય અને વેપારી આલમમાં આ ન્યાયિક પ્રક્રિયાની પ્રશંસા થઈ રહી છે. ઉદ્યોગપતિના માસૂમ પુત્રને ન્યાય મળતા અને ગુનેગારને જેલના સળિયા પાછળ ધકેલી દેવાતા પીડિત પરિવારે પણ રાહતનો શ્વાસ લીધો છે.

### ગુજરાત અગ્રેસર

(પાના નં. ૧ થી આગળ)

હતું એટલે ડ્રોપ આઉટ પહેલા ખૂબ મોટો હતો. મુખ્ય કામ જે બાકી રહ્યું છે શાળા માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ નું વાંચન લેખન સો ટકા થાય. ફરિયાદો આવે છે ૬ ધોરણ સુધી વાંચતા કે લખતા નથી આવડતું. એ પરિસ્થિતિ માં થી બહાર આવી જવું જોઈએ. શિક્ષકો ત્યાં છે એમને શું કરવાનું એ આપડે શિખવવું.

વાલીઓ કહે છે કે ભણ્યા ચાલશે ખેતર માં કોણ કામ કરશે. સ્કૂલ મોનિટરિંગ કમિટી વાલીઓ સાથે બેઠક કરે. ખેતી અને પશુપાલન માં ગ્રેજ્યુએટ થયેલા લોકો છે. શિક્ષણ ખૂબ જરૂરી છે એ ના થાય તો લક્ષ્યાંક પાર નહીં પડી શકે પહેલા કહેતા અભ્યાસ નહીં કરે તો દૂકાન પર બેસશે. શાળા પ્રવેશોત્સવ ની યાત્રામાં સો ટંકા નામાંકન પર પોહોંચ્યા છીએ. ગુણો માં વિદ્યાર્થીઓ સો ટકા પાસ થાય તે કામ કરવું છે.

### ગુજરાતમાં શિક્ષકો

(પાના નં. ૧ થી આગળ)

નાખતા શિક્ષકોમાં તંત્ર સામે ભારે આક્રોશ જોવા મળ્યો હતો. પંચમહાલ જિલ્લાના ગોધરા સ્થિત જિલ્લા સેવાસદન અને સર્કિટ હાઉસ સંકુલની બહાર પણ શિક્ષકોનો ભવ્ય મોરચો જોવા મળ્યો હતો. ઝઊઝ પરીક્ષામાંથી મુક્તિની માંગ સાથે અંદાજે ૧૦૦૦થી વધુ શિક્ષકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. શિક્ષકોના હાથમાં સરકાર વિરોધી પ્લે-કાર્ડ્સ અને બેનરો જોવા મળ્યા હતા. જિલ્લા શિક્ષક સંઘના અગ્રણીઓની હાજરીમાં અધિક કલેક્ટરને આવેદનપત્ર આપીને ચીમકી ઉચ્ચારવામાં આવી છે કે જો માંગ વહેલી તકે સંતોષવામાં નહીં આવે તો આંદોલન વધુ ઉગ્ર બનશે.

બીજી તરફ આદિવાસી બાહુલ્ય ધરાવતા છોટાઉદેપુર જિલ્લામાં પણ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા અધિક કલેક્ટરને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું. અહીં મુખ્ય લડત TET-1 પાસ જૂના શિક્ષકોના વહીવટી અને આર્થિક હકો માટેની છે.

સંઘના જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૦૯માં વિદ્યાસહાયક તરીકે ભરતી થયેલા અને બાદમાં નિયમિત થયેલા TET-1 શિક્ષકોને ઉચ્ચતર પગારધોરણ, બઢતી અને સેવા સબંધી અનેક મહત્વના લાભોથી વંચિત રાખવામાં આવ્યા છે. સરકારી પરિપત્રો હોવા છતાં સ્થાનિક તંત્ર અમલ કરતું ન હોવાથી શિક્ષકોએ આંદોલનનો માર્ગ અપનાવ્યો છે.

સમગ્ર રાજ્યમાં એકસાથે ઉઠેલા આ વિરોધના વંટોળ બાદ હવે શિક્ષક આલમની નજર રાજ્ય સરકારના વલણ પર મંડાયેલી છે. જો સરકાર દ્વારા વહેલી તકે કોઈ સકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં રાજ્યવ્યાપી શૈક્ષણિક કાર્યબહિષ્કાર કે મોટા આંદોલનની પૂરેપૂરી સંભાવનાઓ દેખાઈ રહી છે.

### મુખ્ય ટેક્સ કમિશનર

(પાના નં. ૧ થી આગળ)

સુધી રાહત કમિશનર તરીકે ફરજ બજાવી રહ્યા હતા, તેમને હવે આદિજાતિ વિકાસ કમિશનર તરીકેની મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે. આદિવાસી વિસ્તારોના સર્વાંગી વિકાસ, વિવિધ કલ્યાણકારી યોજનાઓના અસરકારક અમલીકરણ તેમજ શિક્ષણ, આરોગ્ય અને રોજગારી સંબંધિત કાર્યક્રમોના સંકલન માટે તેઓ હવે મુખ્ય ભૂમિકા ભજવશે.

રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા આ વહીવટી ફેરફારોને મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યા છે. આગામી સમયમાં બંને અધિકારીઓ પોતાની નવી જવાબદારીઓ સંભાળશે અને સંબંધિત વિભાગોની કામગીરીને વધુ ગતિ આપશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# જામનગરમાં વકીલ મંડળ દ્વારા છાસ વિતરણ કેમ્પઃકોર્ટ આવતા વકીલો, સ્ટાફ અને લોકો માટે નિઃશુલ્ક વ્યવસ્થા



તસવીરઃ હિરેન ગાંધી




**સમય સંદેશઃ જામનગર**

જામનગર વકીલ મંડળ દ્વારા સિવિલ કોર્ટ બિલ્ડિંગ સામે નિઃશુલ્ક છાસ વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ તા. ૧૬ જૂન, ૨૦૨૬ થી શરૂ થયો છે અને બપોરે ૧૧:૩૦ વાગ્યાથી વકીલો, કોર્ટ સ્ટાફ અને કેસના પક્ષકારો માટે ઉપલબ્ધ છે. આ કેમ્પનો લાભ દરરોજ મોટી સંખ્યામાં કોર્ટમાં આવતા વકીલો, સ્ટાફ અને અન્ય લોકો લઈ રહ્યા છે. વકીલ મંડળ દ્વારા જણાવવામાં આવ્યું છે કે,''જ્યાં સુધી સહાય મળતી રહેશે, ત્યાં સુધી આ છાસ વિતરણ કાર્યક્રમ અવિરત ચાલુ રાખવામાં આવશે.'' છાસ વિતરણ પાછળ દૈનિક રૂ. ૩૫૦૦ થી ૪૦૦૦ નો ખર્ચ થાય છે. આ ખર્ચ વકીલ મંડળના સભ્યો દ્વારા ફાળા રૂપે આપવામાં આવતા દાનમાંથી પૂરો પાડવામાં આવે છે. આ વિશેષ સેવાકીય આયોજન જામનગર વકીલ મંડળના પ્રમુખ ભરતભાઈ સુવા અને સેક્રેટરી મનોજભાઈ ઝવેરીના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું છે.

# જામનગરમાં રાજપૂત સમાજ, કોંગ્રેસ દ્વારા મહારાણા પ્રતાપ જયંતિ ઉજવાઈ: કોર્પોરેટરો અને આગેવાનોએ વીર શિરોમણીને પુષ્પાંજલિ અર્પણ કરી






તસવીરઃ હિરેન ગાંધી

જામનગરમાં ગઈકાલે વીર મહારાણા પ્રતાપની જન્મજયંતિ નિમિત્તે વિવિધ સંગઠનો અને રાજકીય આગેવાનો દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. જામનગર મહાનગરપાલિકાના રાજપૂત સમાજના કોર્પોરેટરો તેમજ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા મહારાણા પ્રતાપની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી તેમના સાહસને યાદ કરાયું હતું. આ અવસરે જામનગર મહાનગરપાલિકાના રાજપૂત સમાજના તમામ કોર્પોરેટરો અને સામાજિક આગેવાનો એકઠા થયા હતા. તેમણે મહારાણા પ્રતાપને પુષ્પાંજલિ અર્પી તેમના આદર્શોને જીવનમાં ઉતારવાનો સંકલ્પ કર્યો હતો. શહેર કોંગ્રેસ સમિતિના હોદ્દેદારો અને અગ્રણી કાર્યકર્તાઓ પણ આ કાર્યક્રમમાં જોડાયા હતા. કોંગ્રેસના આગેવાનોએ મહારાણા પ્રતાપની પ્રતિમાને ફૂલહાર પહેરાવી તેમના બલિદાનને નમન કર્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન હાજર રહેલા રાજપૂત સમાજના કોર્પોરેટરો, સામાજિક અગ્રણીઓ અને કોંગ્રેસના સ્થાનિક હોદ્દેદારોએ 'મહારાણા પ્રતાપ અમર રહો' ના નારા લગાવ્યા હતા.

## મોદી શાસનના ૧૨ વર્ષની ઉજવણી નિમિત્તે જામનગરમાં યોજાયું સંમેલન

**સમય સંદેશઃ જામનગર**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૧૨ વર્ષના ગૌરવશાળી કાર્યકાળ પૂર્ણ થવાના અવસરે જામનગરના ધન્વંતરી ઓડિટોરિયમ ખાતે જામનગર ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યના વન અને પર્યાવરણ તેમજ જિલ્લાના પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાની અધ્યક્ષતામાં અને રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી રીવાબા જાડેજાની પ્રેરક ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે પ્રભારી મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનના દ્રષ્ટિવંત નેતૃત્વ હેઠળ ભારતે છેલ્લા ૧૨ વર્ષમાં સુશાસન, પારદર્શિતા અને જનકલ્યાણના ક્ષેત્રોમાં અભૂતપૂર્વ પ્રગતિ સાધી છે. કેન્દ્ર સરકારની જનધન, ઉજ્જ્વલા, આયુષ્માન ભારત, સ્વચ્છ ભારત મિશન અને જલ જીવન મિશન જેવી યોજનાઓએ સમાજના અંતિમ છેવાડાના માનવી સુધી પહોંચીને તેમના જીવનમાં ગુણાત્મક સુધારો આણ્યો છે. છેલ્લા ૧૨ વર્ષની આ સિદ્ધિઓ દેશના નાગરિકોના અખૂટ વિશ્વાસ અને જનભાગીદારીનું પરિણામ છે.






તસવીરઃ હિરેન ગાંધી

કાર્યક્રમમાં દેશના આર્થિક અને માળખાકીય વિકાસના આંકડાકીય આલેખને રજૂ કરતા જણાવવામાં આવ્યું હતુ કે, વર્ષ ૨૦૧૪માં જ્યાં દરરોજ ૧૧.૫ કિલોમીટર નેશનલ હાઈવે બનતા હતા, ત્યાં આજે દૈનિક ૩૪ કિલોમીટર હાઈવેનું નિર્માણ થઈ રહ્યું છે. આ સાથે જ દેશનું રેલવે નેટવર્ક ૯૯.૬% ઈલેક્ટ્રિફાઇડ થઈ ચૂક્યું છે. ટેક્નોલોજીના વ્યાપક ઉપયોગ અને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ઉઇઝ)ના કારણે વહીવટમાં પારદર્શિતા આવી છે અને વચેટિયાઓની ભૂમિકા નાબૂદ થઈ છે. યુવાનો માટે સ્ટાર્ટઅપ ઈન્ડિયા અને મુદ્રા યોજના જેવી પહેલોએ સ્વરોજગારના નવા દ્વાર ખોલ્યા છે. આ ઉપરાંત, મહિલા સશક્તિકરણની વિવિધ યોજનાઓના સફળ અમલીકરણના પરિણામે દેશભરમાં ૩ લાખથી વધુ બહેનો 'લખપતી દીદી' બની આર્થિક રીતે આત્મનિર્ભર થઈ છે. રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી રીવાબા જાડેજાએ આ પ્રસંગે કેન્દ્ર સરકારના બજેટમાં માતૃશક્તિ, યુવા શક્તિ, ખેડૂતો અને ગરીબ વર્ગના કલ્યાણને અપાતી અગ્રતા પર ભાર મૂક્યો હતો. તેમણે ઉમેર્યું કે ગુજરાતમાં નર્મદાના નીર પહોંચતા પાણીની સમસ્યા હવે ભૂતકાળ બની ગઈ છે. જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના વિકાસ કાર્યોની વિગતો આપતા તેમણે જણાવ્યું કે, જામનગર જિલ્લાનું ગૌરવ એવું ગ્લોબલ ટ્રેડિશનલ મેડિસિન સેન્ટર, સૌરાષ્ટ્રનો સૌથી મોટો ફ્લાયઓવર, ₹૬૦૦ કરોડના ખર્ચે રિવરફ્રન્ટ પ્રોજેક્ટ, ₹૬૦ કરોડના ખર્ચે ૨ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને ₹૪૫૧ કરોડના ખર્ચે બની રહેલું જી.જી. હોસ્પિટલનું નવું ૭૦૦ બેડનું અત્યાધુનિક બિલ્ડિંગ જિલ્લાના વિકાસને નવી ઊંચાઈ આપશે. વધુમાં, જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૮ નવી માધ્યમિક શાળાઓ તેમજ જીએસટી સેન્ટરને મંજૂરી આપવામાં આવી છે. કાર્યક્રમના અંતે મહાનુભાવોના હસ્તે વિશેષ સિદ્ધિ મેળવનાર નાગરિકો-સંસ્થાઓનું સન્માન કરાયું હતું અને ઉપસ્થિત સૌ નાગરિકોએ 'વિકસિત ભારત'ના નિર્માણ માટેના શપથ ગ્રહણ કર્યા હતા. આ પ્રસંગે મેયર મોનિકાબેન વ્યાસ, જિલ્લા પંચાયત પ્રમુખ રંજનબેન જીવાણી, ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ, દિવ્યેશભાઈ અકબરી સહિતના આગેવાનો અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રેલ અકસ્માત અટકાવનાર હાપાના કર્મચારીનું સન્માન

**સમય સંદેશઃ જામનગર**



તસવીરઃ હિરેન ગાંધી

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક (જનરલ મેનેજર) શ્રી રામાશ્રય પાંડેએ મુંબઈ સ્થિત મુખ્ય મથક (હેડક્વાર્ટર) ખાતે વિવિધ ડિવિઝનના કર્મચારીઓને તેમની ઉત્કૃષ્ટ સેફ્ટી કામગીરી માટે સન્માનિત કર્યા હતા. આ કર્મચારીઓએ પોતાની સતર્કતા, ઝડપી નિર્ણય ક્ષમતા અને કર્તવ્યનિષ્ઠા દ્વારા સેફ્ટી અને અવિરત રેલ સંચાલન સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. સન્માનિત કર્મચારીઓમાં રાજકોટ ડિવિઝનના શ્રી અશોક કુમાર, ટ્રેક મેન્ટેનર ગ્રેડ-૧ (મુખ્ય મથક-હાપા) પણ સામેલ છે, જેમને રેલવે સેફ્ટી ક્ષેત્રે તેમના નોંધપાત્ર યોગદાન બદલ મહાપ્રબંધક સેફ્ટી પુરસ્કાર (GM Safety Award) થી સન્માનિત કરવામાં આવ્યા છે.

રાજકોટ ડિવિઝનના વરિષ્ઠ ડિવિઝન વાણિજ્ય પ્રબંધક (સીનિયર ડીસીએમ) શ્રી સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, ૨૦ એપ્રિલ, ૨૦૨૬ના રોજ શ્રી અશોક કુમાર, ટ્રેક મેન્ટેનર ગ્રેડ-૧, મુખ્ય મથક હાપા, જામનગર-લાખાબાવળ સેક્શનમાં કી-મેન તરીકે ફરજ પર હતા. નિયમિત ટ્રેક નિરીક્ષણ દરમિયાન લાખાબાવળ તરફ જતી વખતે તેમણે દૂરથી જોયું કે ટ્રેક નીચેની તરફ નમેલો દેખાઈ રહ્યો છે. પરિસ્થિતિની ગંભીરતાને ઓળખીને તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા અને તપાસ કરી, જ્યાં રેલ વેલ્ડ માં ફ્રેક્ચર જોવા મળ્યું. પરિસ્થિતિની ગંભીરતાને જોતાં શ્રી અશોક કુમારે સમય ગુમાવ્યા વિના ટ્રેકની સેફ્ટી સુનિશ્ચિત કરી અને તાત્કાલિક સમારકામનું કામ શરૂ કરી દીધું. આ જ દરમિયાન લાખાબાવળ તરફથી એક માલગાડી તે સેક્શન તરફ આગળ વધી રહી હતી. તેમણે તરત જ લાલ ઝંડી બતાવીને માલગાડીને વેલ્ડ ફ્રેક્ચરવાળા સ્થળ પહેલાં જ સેફ્ટી રીતે રોકી દીધી. ત્યારબાદ તેમણે જુનિયર એન્જિનિયર (પાથ વે), હાપા તથા અન્ય સંબંધિત અધિકારીઓને આ ઘટનાની જાણ કરી. જરૂરી કટોકટીભર્યું સમારકામ પૂર્ણ થયા બાદ, માલગાડીને પ્રતિ કલાક ૧૦ કિલોમીટરની મર્યાદિત ઝડપે તે સ્થળેથી સેફ્ટી રીતે પસાર કરવામાં આવી હતી. ત્યારબાદ રેલવેના સેફ્ટી સંચાલનની સાતત્યતા સુનિશ્ચિત કરવા માટે અન્ય જરૂરી સુધારાત્મક પગલાં પણ લેવામાં આવ્યા હતા. શ્રી અશોક કુમાર દ્વારા દાખવવામાં આવેલી સતર્કતા, કોઠાસૂઝ અને કર્તવ્યનિષ્ઠાને કારણે એક સંભવિત મોટો અકસ્માત ટળી ગયો. તેમની આ પ્રશંસનીય કામગીરીથી રેલ સંચાલનની સેફ્ટી સુનિશ્ચિત થઈ અને રેલવે સંપત્તિ તેમજ ટ્રેનોને સંભવિત નુકસાન થતું બચાવી શકાયું. મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડેએ પુરસ્કાર વિજેતા કર્મચારીઓની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, તેમની નિષ્ઠા, સજાગતા અને કાર્ય પ્રત્યેનું સમર્પણ પશ્ચિમ રેલવેની મજબૂત સેફ્ટી સંસ્કૃતિનું પ્રતીક છે અને અન્ય કર્મચારીઓ માટે પ્રેરણારૂપ છે.

## જામનગર જિલ્લા પંચાયતના પૂર્વ સભ્યને ખૂનની ધમકી આપનાર ભાગીદાર બિલ્ડર સામે ફરિયાદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના મસીતીયા ગામે રહેતા અને જમીન મકાન લે-વેચના વ્યવસાય સાથે જોડાયેલા તથા જામનગર જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય એવા કાસમ નુરમામદભાઇ ખફીએ જમીનના ધંધામાં પાર્ટનર એવા અશોક દેવસીભાઈ અકબરી સામે ફરિયાદ નોંધાવી જણાવ્યું કે, ફરીયાદીની અલગ અલગ જગ્યાએ આવેલ મિલકતમાં આરોપી અશોકભાઇ અકબરી જેઓ પાર્ટનર હોય. જેઓને જાન્યુઆરી-૨૦૨૩ થી આજદિન સુધી પોતાના ધંધાની ભાગીદારી અને વહીવટ બાબતે વાંધો તકરાર ચાલતી હોય અને જે બાબતે આરોપીએ અગાઉ સામ-સામે પોલીસ ફરીયાદ/અરજીઓ તથા કોર્ટમા દાવાઓ દાખલ કર્યા છે. જે બાબતેનો ખાર રાખી આરોપી અશોકએ ફરિયાદી કાસમ નુરમામદભાઇ ખફીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે ફરિયાદના આધારે જામનગર પંચકોષી બી ડિવિઝન પોલીસ દ્વારા આરોપી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## જામનગરમાં વિશા શ્રીમાળી જ્ઞાતિનું સમૂહ ભોજન યોજાશે

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં વિશા શ્રીમાળી લોકાગચ્છ કુંવરજી જ્ઞાતિના કપડા-પાંખડી ભરતા સભ્યોના ફાળાની જમા રકમમાંથી જ્ઞાતિના સભ્યોનો સ્વામી વાત્સલ્યનો જમણવાર તા. ૨૧ જૂન ૨૦૨૬ને રવિવારના બપોરે ૧૨.૩૦ વાગ્યે જ્ઞાતિની વાડીમાં રાખવામાં આવ્યો છે.

જેમાં વઈ વછીયાત અને પઈ પરોણા સાથે પધારવા તેમજ સેવા મંડળના સભ્યોએ ૧૧.૩૦ વાગ્યે ઉપસ્થિત રહીને વ્યવસ્થા સંભાળવા જ્ઞાતિ કમિટીએ જણાવ્યું છે. આમ જામનગરમાં વિશા શ્રીમાળી લોકાગચ્છ કુંવરજી પક્ષ જ્ઞાતના સભ્યોનો સ્વામી વાત્સલ્યનો જમણવારમાં જ્ઞાતિની વાડીમાં સભ્યોએ સમયસર ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું છે. આ ભોજનને લઈને તડામાર તૈયારીઓ સભ્યો દ્વારા હાથ ધરવામાં આવી છે.

## જામનગરના દરેડ નજીકથી એક લાખનો દેશી દારૂ ઝડપાયો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરની ભાગોળે આવેલા દરેડ નજીકથી પોલીસે કારમાં થતી દેશી દારૂની હેરાફેરી નો પર્દાફાશ કર્યો હતો. એક લાખ રૂપિયાની કિંમતના દારૂના જથ્થા સાથે પોલીસે આરોપીને દબોચી લીધો હતો અને જેની તપાસમાં અન્ય ત્રણ શખ્સોના નામ ખુલતા ત્રણેય આરોપીઓને ફરારી જાહેર કરીશું તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.




તસવીરઃ હિરેન ગાંધી

દરેડ એફ.સી.આઇ. ગોડાઉનથી આગળ ખોડલ ઇન્ડસ્ટ્રીયલ પાર્કની સામે હાઇવે રોડ પરથી પોલીસે વિજય ડાયાભાઇ રાતડીયા (રહે.નવાગામ ઘેડ, ગાયત્રી ચોકની બાજુમાં)ની કારને અટકાવી તલાસી લેતા ઇકો કારમાંથી રૂ.૧ લાખની કિંમતનો ૫૦૦ લિટર દેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કાર, દારૂ સહિત રૂ.૪ લાખની કિંમતનો મુદામાલ જપ્ત કર્યો હતો.

આ દરમિયાન આરોપી વી.ડી. કોળી (રહે. નવાગામ ઘેડ) નાશી

અનુ પાના નં.૨ પર

## જામનગરમાં રીક્ષામાં લઈ જવાતા દારૂ સાથે બે ઝડપાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના સીટી 'સી' ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં સર્વેલન્સ સ્કોડે રીક્ષામાં થતી દારૂની હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે. દારૂના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી પાડી રૂ.૧.૧૨ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે. જ્યારે દારૂના જથ્થા સાથે સંકળાયેલા અન્ય બે શખ્સોને પોલીસે ફરારી જાહેર કરી તેમની શોધખોળ શરૂ કરી છે. પોલીસે મળેલી ચોક્કસ બાતમીના આધારે આરવ હાઇટ્સ વિસ્તારમાં વોચ ગોઠવી હતી. દરમિયાન GJ-32-U-3211 નંબરની બજાજ મેક્સીમા રિક્ષાને અટકાવી તપાસ કરતાં તેમાંથી ભારતીય બનાવટના ઇંગ્લિશ દારૂના ૨૨૪ ચપટા મળી આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી દારૂનો જથ્થો, એક મોબાઇલ ફોન અને રિક્ષા મળી કુલ રૂ.૧,૧૨,૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કેસમાં સાગર કમલભાઈ વઢીયાર (ઉ.વ.૧૮) અને લક્ષ્મણ શેરસિંગ માલપરા (ઉ.વ.૧૮), બંને રહે. બાવરીવાસ, ખુલ્લી ફાટક પાસેને ઝડપી લેવામાં આવ્યા છે.



તસવીરઃ હિરેન ગાંધી

## ૨૦ હજાર ફૂટની ઉંચાઈએ ઉડતું રેડ ફૂટેડ બબી નામનું ભાગ્યે જ દેખાતું દુલર્ભ પક્ષી જામનગરમાં દેખાયુ

### વાવાઝોડું અથવા દિશા ભૂલી જવાના કારણે ભૂલું પડી જામનગર આવી પહોંચ્યું




તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

સમગ્ર ભારતમાં જવલ્લેજ જ જોવા મળતું રેડ ફૂટેડ બુબી એટલે કે લાલપગ વાળો પક્ષી જામનગરના સચાણા નજીક અશકત હાલતમાં જોવા મળ્યું હતું, જામનગરના પક્ષીવિદ યશોધનભાઈ ભાટિયા અને આશિષભાઈ પાણખાણીયાને આ પક્ષી જોવા મળતા તેઓએ જામનગરના બર્ડમેન થી ઓળખાતા ફિરોઝખાન પઠાણનો સંપર્ક કરી તેમને આ પક્ષીને સારવાર કરવા માટે આપ્યું છે. વીસ હજાર ફૂટની ઊંચાઈએ ઉડતા આ પક્ષીને જોવું પણ એક લાહવો છે, દરિયામાં ઉછળ કૂદ કરતી માછલીઓને હવામાં જ ઝડપી અને પોતાનો ખોરાક બનાવતું આપક્ષી ઝાડ ઉપર માળા બનાવે છે, પેસિફિક મહાસાગરમાં જોવા મળતું આ પક્ષી જામનગર નજીક દરિયા કિનારે જોવા મળતા જામનગરના પક્ષી પ્રેમીઓમાં અનેરો આનંદ જોવા મળી રહ્યો છે, હાલ આ પક્ષીની સારવાર કરવામાં આવી રહી છે પક્ષી સંપૂર્ણ સ્વસ્થ થતા તેમને ફરી તેમના કુદરતી વાતાવરણમાં છોડી મૂકવામાં આવશે.

## આજે શિક્ષણમંત્રી રિવાબાના અધ્યક્ષ સ્થાને યોગ શિબિર

**સમય સંદેશઃ જામનગર**

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણનાં ૧૨ વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે જામનગર જિલ્લામાં આજ તા.૧૮ જૂન ગુરુવારના રોજ સવારે ૫:૩૦ થી ૭:૩૦ દરમિયાન અજીતસિંહજી ક્રિકેટ પેવેલિયન ખાતે રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી શ્રીમતી રિવાબા જાડેજાના અધ્યક્ષસ્થાને યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં યોગ નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન, પ્રાણાયામ અને ધ્યાન, આરોગ્ય માટે યોગના ઉપાય, અને સામુહિક યોગ અભ્યાસનો લાભ નાગરિકો મેળવી શકશે. આ વિશેષ આયોજનની થીમ દેશના સૈનિક જવાનો, વીર બહાદુરો તથા રાષ્ટ્રરક્ષામાં કાર્યરત ડિફેન્સ ફોર્સિસને સમર્પિત રાખવામાં આવી છે. નિ:શુલ્ક પ્રવેશ મેળવવા માટે https://registration. gsyb.in/e/jamnagar-soldiers પર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. તથા ફોન નંબર ૮૮૪૯૮૧૫૫૧૦ અને ૭૮૭૪૬૨૧૨૧૨ પર સંપર્ક કરવાનો રહેશે. આ કાર્યક્રમ સંપૂર્ણપણે નિ:શુલ્ક છે અને જાહેર જનતા માટે ખુલ્લો છે. યોગ દ્વારા સ્વસ્થ જીવનશૈલીનો સંદેશ પ્રસરાવવાના હેતુથી વધુમાં વધુ નાગરિકોને ઉપસ્થિત રહેવા ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## જામનગરમાં ભારે બફારા વચ્ચે સતત બીજા દિવસે વરસાદી ઝાપટું




તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં સતત બીજા દિવસે આકાશમાં વાદળોના અવિરત આંટા ફેરા વચ્ચે ગરમીનુ જોર ઘટયુ હતુ અને મહતમ તાપમાન ૩૭ ડિગ્રી પર સ્થિર રહયુ હતુ.બીજી બાજુ મંગળવારે મધરાતે વાતાવરણમાં પલટા વચ્ચે શહેરમાં વરસાદ દશ થી પંદર મિનિટ વરસ્યો હતો. જેના પગલે માર્ગો ઉપર પાણી ચાલતા થયા હતા. પવનની ગતિ પ્રતિકલાક ૧૩.૫ કીમી.ની ઝડપે પવન ફૂંકાયો હતો.

જામનગરમાં હવામાનમાં પલટા સાથે દિવસ દરમિયાન છુટાછવાયા આકાશમાં વાદળોની હડીયાપટ્ટી જોવા મળી હતી.અસહ્ય ઉકળાટ અને બફારા બાદ વેગીલા વાયરા વચ્ચે મધરાતે શહેરમાં અનરાધાર વરસાદ શરૂ થયો હતો. જો કે આ વરસાદ માત્ર દશ થી પંદર મિનિટ ચાલુ રહ્યો હતો.જેના લીધે અનેક વિસ્તારોમાં માર્ગો ઉપર પાણી ચાલતા થયા હતા.

જામનગરમા બુધવારે પુરા થતા ૨૪ કલાક સુધીમાં મહતમ તાપમાન ૩૭ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૮ ડિગ્રી નોંધાયુ હતુ.જયારે ભેજનુ પ્રમાણ ૭૩ ટકા પર પહોચ્યુ હતુ.ભેજના ઉંચા પ્રમાણના કારણે લોકોએ ઉકળાટા અને બફારાનો સામનો કર્યો હતો. બીજી બાજુ પવનની ઝડપ પણ પ્રતિકલાક સરેરાશ ૧૩.૫ કિ.મી. રહેવા પામી હતી.જેના કારણે મોડી રાત્રીના વરસાદ બાદ લોકોએ ઉકળાટ-બફારાથી આંશિક રાહત મેળવી હતી. બે છાંટા પડવાની સાથે અનેક શેરી ગલીઓમાં વીજ પુરવઠો ખોરવાય ગયો હતો.જેને લીધે રાતભર પીજીવીસીએલ ની ટીમ સતત દોડતી રહી હતી.

# ૮મા પગાર પંચમાં જૂની પેન્શન યોજના શરૂ કરવા જામનગર શિક્ષક સંઘની વડાપ્રધાનને રજૂઆત






તસવીરઃ હિરેન ગાંધી

જામનગર મહાનગરપાલિકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા વડાપ્રધાન મોદીને બે મહત્વના પત્રો પાઠવીને રજૂઆત કરવામાં આવી છે, જેમાં આગામી ૮મા પગાર પંચ અંતર્ગત દેશના લાખો કર્મચારીઓની આર્થિક-સામાજિક સુરક્ષા માટે બજાર આધારિત NPSના બદલે ગેરંટીડ જૂની પેન્શન યોજના પુનઃ શરૂ કરવાની માંગ કરાઈ છે; સાથોસાથ સુપ્રીમ કોર્ટના ચુકાદાની ભાવનાને ધ્યાને રાખીને વર્ષોથી સંતોષકારક સેવા આપતા ચાલુ પ્રાથમિક શિક્ષકોના અનુભવને માન્ય રાખી તેમને TET પરીક્ષામાંથી મુક્તિ આપવા અને તેમના અટકેલા પ્રમોશન તેમજ સર્વિસ બેનિફિટ્સના પ્રશ્નો તાકીદે ઉકેલવા આગ્રહ કરવામાં આવ્યો છે.

## જામનગર શિક્ષક સંઘની વડાપ્રધાનને રજૂઆતઃ ૮મા પગાર પંચમાં જૂની પેન્શન યોજના (OPS) પુનઃ શરૂ કરવા અને ચાલુ શિક્ષકોને TETમાંથી મુક્તિ આપવા કરાતી માંગ

### જૂની પેન્શન યોજના (OPS) સામાજિક સુરક્ષા અને શિક્ષકોના અધિકારની લડતઃ જામનગર મહાનગરપાલિકા પ્રાથમિક શિક્ષક સંઘ

**સમય સંદેશઃ જામનગર**

ગુજરાત રાજ્ય નગર પ્રાથમિક શિક્ષક સંઘ સંલગ્ન જામનગર મહાનગરપાલિકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા દેશના કરોડો શિક્ષકો અને સરકારી કર્મચારીઓના હિતમાં એક અત્યંત મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. સંઘના પ્રમુખ ચંદ્રકાંત બી. ખાખરીયા અને મહામંત્રી રાકેશ એમ. માકડીયા દ્વારા વડાપ્રધાનને લેખિતમાં બે અલગ-અલગ રજૂઆત પત્રો મોકલીને શિક્ષકોના પડતર અને સંવેદનશીલ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે.

શિક્ષક સંઘ દ્વારા તારીખ ૧૪ જૂન ૨૦૨૬ના રોજ વડાપ્રધાનને મોકલેલા પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, હાલમાં દેશભરના લાખો શિક્ષકો અને સરકારી કર્મચારીઓ નેશનલ પેન્શન સિસ્ટમ (NPS) હેઠળ આવે છે. ગડજમાર્કેટ આધારિત હોવાથી નિવૃત્તિ પછીની આર્થિક સુરક્ષા અંગે કર્મચારીઓમાં ભારે ચિંતા પ્રવર્તે છે.

જૂની પેન્શન યોજના (OPS) નિવૃત્ત કર્મચારીઓને નિશ્ચિત પેન્શન, મોંઘવારી રાહત અને કૌટુંબિક પેન્શન જેવી સામાજિક સુરક્ષા આપતી હતી, આગામી ૮મા પગાર પંચની ભલામણો અને ચર્ચાઓના સંદર્ભમાં, સરકારે દેશના લાખો કર્મચારીઓના મનોબળને મજબૂત કરવા માટે તાકીદે ઘડજ પુનઃ સ્થાપિત કરવી જોઈએ, સુપ્રીમ કોર્ટના ચુકાદાને ધ્યાને રાખી ચાલુ શિક્ષકોને ઝઊઝ માંથી મુક્તિ આપવા રજૂઆત કરવામાં આવી હતી.

ત્યારબાદ તારીખ ૧૭ જૂન ૨૦૨૬ના રોજ સંઘ દ્વારા વધુ એક પત્ર પાઠવીને વર્ષોથી ફરજ બજાવતા પ્રાથમિક શિક્ષકોને શિક્ષક યોગ્યતા કસોટી (TET)માંથી મુક્તિ આપવા માટે વડાપ્રધાન સમક્ષ હસ્તક્ષેપની માંગ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટના ચુકાદાની ભાવનાને ધ્યાનમાં રાખીને, જે શિક્ષકો લાંબા સમયથી સંતોષકારક સેવાઓ આપી રહ્યા છે અને જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવે છે, તેમને ઝઊઝ માંથી મુક્તિ મળવી જોઈએ, TETના નિયમોના કારણે અટકેલા સર્વિસ બેનિફિટ્સ, પ્રમોશન અને અન્ય વહીવટી મુશ્કેલીઓનો વહેલી તકે નિકાલ કરવામાં આવે.

આ પત્રની નકલ કેન્દ્રીય શિક્ષણ મંત્રી તેમજ ગુજરાતના મુખ્યમંત્રી અને રાજ્યના શિક્ષણ વિભાગને પણ યોગ્ય કાર્યવાહી અર્થે રવાના કરવામાં આવી છે. જામનગર શિક્ષક સંઘની આ બંને રજૂઆતોને પગલે હવે શૈક્ષણિક આલમમાં અને સરકારી કર્મચારીઓમાં ભારે ચર્ચા જાગી છે.

## જામજોધપુર તાલુકામાં પુત્રી પર પિતાનું દુષ્કર્મ

### ત્રણ વર્ષ સુધી શારીરિક શોષણ કર્યાનો આક્ષેપઃ પોકસો સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરતી પોલીસઃ ભારે ચકચાર

**સમય સંદેશઃ જામમજોધપુર**

જામજોધપુર તાલુકાના એક ગામમાં માનવતાને શરમાવે તેવી ગંભીર ઘટના સામે આવી છે. પોતાની જ પુત્રી પર લાંબા સમય સુધી દુષ્કર્મ આચર્યાના આક્ષેપ સાથે એક પિતા સામે જામજોધપુર પોલીસ મથકે બળાત્કાર અને પોક્સો સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે, જેથી ભારે ચકચાર જાગી છે.

પોલીસ ફરિયાદ મુજબ પીડિતા સગીર વયની હતી ત્યારથી આરોપી પિતા દ્વારા ઘરના અન્ય સભ્યોની ગેરહાજરીમાં ધાકધમકી આપી વારંવાર શારીરિક શોષણ કરવામાં આવતું હતું. ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે છેલ્લા અંદાજે ત્રણ વર્ષથી આરોપી પુત્રી પર દુષ્કર્મ આચરતો હતો. જાણવા મળતી વિગતો મુજબ પીડિતા ત્રણ મહિના અગાઉ જ પુખ્ત વયમાં પ્રવેશી છે. લાંબા સમયથી ચાલતા કથિત શોષણથી કંટાળી અંતે તેણીએ હિંમત દાખવી પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી હતી.

જે ફરિયાદના આધારે જામજોધપુર પોલીસે આરોપી પિતા સામે બળાત્કાર સંબંધિત કલમો ઉપરાંત પીડિતા સગીર વયની હતી તે સમયગાળાને ધ્યાનમાં રાખી પોક્સો (બાળકોને જાતીય ગુનાઓથી રક્ષણ) અધિનિયમ હેઠળ પણ ગુનો નોંધ્યો છે. આ બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખી પોલીસે આરોપીની અટકાયત કરી લીધી છે. વધુ પૂછપરછ અને તપાસ માટે આરોપીને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. પોલીસ દ્વારા સમગ્ર મામલે વધુ તપાસ ચાલુ હોવાનું જાણવા મળ્યું છે.

# જામનગરમાં મુસ્લિમ સમાજના માતમના પર્વ મોહરમનો પ્રારંભ

### મુસ્લિમ સમાજની વિવિધ જમાતો દ્વારા કલાત્મક તાજીયાનું નિર્માણ પૂરજોશમાંઃ કરબલાના શહીદોની યાદમાં વાયેઝ સહિતના કાર્યક્રમ








તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર મોહરમ દરમિયાન તેના ભવ્ય અને કલાત્મક તાજીયાઓ માટે સમગ્ર રાજ્યમાં આગવી ઓળખ ધરાવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ શહેરના વિવિધ વિસ્તારોમાં નાના-મોટા તાજીયાઓનું નિર્માણ કાર્ય જોરશોરથી ચાલી રહ્યું છે. કારીગરો અને તાજીયા કમિટીઓ દ્વારા સુંદર કારીગરી, આકર્ષક ડિઝાઇન અને પરંપરાગત શૈલીમાં તાજીયાઓ તૈયાર કરવામાં આવી રહ્યા છે.

ઇસ્લામના ઇતિહાસમાં કરબલાની ઘટના અને હઝરત ઇમામ હુસૈન (અ.સ.) તથા તેમના સાથીઓની શહાદતની યાદમાં મોહરમના પવિત્ર દિવસોમાં તાજીયાઓ બનાવવાની પરંપરા વર્ષોથી જળવાઈ રહી છે. જામનગરમાં બનતા તાજીયાઓ માત્ર ધાર્મિક આસ્થાનું પ્રતિક જ નહીં, પરંતુ શહેરની કલા, સંસ્કૃતિ અને કોમી એકતાનું પણ પ્રતિબિંબ છે. મોહરમ નજીક આવતાં વિવિધ વિસ્તારોમાં તાજીયાઓને અંતિમ ઓપ આપવાની કામગીરી તેજ બની છે. રંગબેરંગી સજાવટ, આકર્ષક કોતરણી અને કલાત્મક નકશીકામથી સજ્જ તાજીયાઓ લોકોમાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા છે. દર વર્ષે હજારો લોકો આ તાજીયાઓના દર્શન કરવા ઉમટી પડતા હોય છે, જેના કારણે જામનગરના તાજીયાઓની ખ્યાતિ રાજ્યભરમાં પ્રસિદ્ધ બની છે.

જામનગરના શંકર ટેકરી વિસ્તારમાં આવેલ રઝા નગર સમસ્ત સુન્ની સુન્નીમુસ્લીમ મુસ્લીમ જમાત દ્વારા મોહરમ નિમિત્તે નવ દિવસીય શહાદતના બયાનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમ અંતર્ગત ભારતના જાણીતા આલીમ અને વક્તા હઝરત મૌલાના કારી ઈકબાલ મુરાદાબાદી સાહેબ જામનગર આવીને કરબલાની શહાદત અને ઈસ્લામિક મૂલ્યો પર વિશેપ બયાન કરી. મોહર્રમ માસ દરમિયાન કરબલાના શહીદોની યાદમાં યોજાતા આ ધાર્મિક કાર્યક્રમમાં હઝરત ઈમામ હુસૈન (રઝિ.) અને તેમના ૭૨ સાથીઓએ સત્ય, ન્યાય અને ઈસ્લામના સિદ્ધાંતોની રક્ષા માટે આપેલી અદ્વિતીય કુરબાનીને યાદ કરવામાં આવશે. દર વર્ષની જેમ આ વર્ષે પણ દાસ્તાને કરબલા'ના વિષય પર વિવિધ બયાનોનું આયોજન કરવામાં આવ્યું.

## શિવરાજપુર બીચ પર દરિયાના મોજામાં ચાર યાત્રિકો ફસાયાઃ એક યુવકનું મોત

### ૧૨ કલાકની જહેમત બાદ મધ્યપ્રદેશના ૧૮ વર્ષીય પ્રશાંત ગૌરનો મૃતદેહ મળ્યો




**સમય સંદેશઃ દ્વારકા**

મધ્યપ્રદેશથી દ્વારકા ફરવા આવેલા ચાર યાત્રિકો શિવરાજપુર બીચ પર દરિયાનો આનંદ માણવા માટે પાણીમાં ઉતર્યા હતા. જોકે અચાનક દરિયાના ભારે પ્રવાહ અને ઊંડા પાણીના કારણે તેઓ મુશ્કેલીમાં મુકાયા હતા. ઘટનાની જાણ થતાં આસપાસ હાજર યાત્રિકો અને સ્થાનિક લોકોએ તાત્કાલિક મદદ માટે દોડી જઈ માનવ સાંકળ બનાવી બચાવ કામગીરી શરૂ કરી હતી.

સ્થાનિક લોકોની સતર્કતા અને સમયસરના પ્રયાસોથી ચાર પૈકી ત્રણ યાત્રિકોને સલામત રીતે દરિયામાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. પરંતુ એક યુવક દરિયાના પ્રવાહમાં તણાઈ જતાં તેનો કોઈ પત્તો મળ્યો નહોતો. ઘટનાની જાણ થતાં જ પોલીસ વિભાગ, સ્થાનિક તંત્ર અને બચાવ ટીમો દ્વારા તાત્કાલિક શોધખોળ શરૂ કરવામાં આવી હતી. સતત પ્રયાસો અને લગભગ ૧૨ કલાકની શોધખોળ બાદ મધ્ય પ્રદેશના ૧૮ વર્ષીય પ્રશાંત ગૌરનો મૃતદેહ દરિયામાંથી મળી આવ્યો હતો. મૃતદેહને આગળની કાયદેસરની કાર્યવાહી માટે દ્વારકાની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં પોસ્ટમોર્ટમની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી સમગ્ર બનાવ અંગે વધુ તપાસ શરૂ કરી છે.

શિવરાજપુર બીચ જેવી લોકપ્રિય જગ્યાએ બનેલી આ ઘટનાથી પ્રવાસીઓ અને સ્થાનિકોમાં શોકની લાગણી ફેલાઈ છે. તંત્ર દ્વારા તમામ પ્રવાસીઓ અને યાત્રિકોને અપીલ કરવામાં આવી છે કે દરિયામાં ન્હાવા સમયે સાવચેતી રાખે, સુરક્ષા નિયમોનું પાલન કરે અને જોખમી તેમજ પ્રતિબંધિત વિસ્તારોમાં પ્રવેશ ન કરે. દેવભૂમિ દ્વારકા પોલીસ દ્વારા સમગ્ર ઘટનાની તપાસ ચાલુ રાખવામાં આવી છે.

## જામનગરના મયુરવાટીકા વિસ્તારમાં માનસિક બિમારીથી કંટાળી મહિલાનો આપઘાત

### જામનગરમાં બિમારીથી કંટાળેલા યુવકનો આપઘાતઃ કેશિયા ગામે સબસ્ટેશન નજીક યુવકનો ગળેફાંસો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના મયુરવાટિકા ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતી શારદાબેન તેજસભાઈ ઠાપા (ઉ.વ. ૩૫)એ ગળેફાંસો ખાઈ આપઘાત કરતાં પરિવાર પર શોક છવાઈ ગયો છે. બનાવ અંગે જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી વિગતો મુજબ, શારદાબેન છેલ્લા બે-ત્રણ માસથી માનસિક બીમારીથી પીડાઈ રહ્યા હતા. પરિવારજનોના જણાવ્યા મુજબ તેમની સારવાર પણ ચાલી રહી હતી, પરંતુ છેલ્લા કેટલાક સમયથી તેઓ માનસિક તણાવમાં રહેતા હતા. મંગળવારે બપોરના સમયે પોતાના ઝૂંપડામાં લાકડાના હાથા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. બનાવની જાણ થતાં પરિવારજનો અને આસપાસના લોકો તરત જ દોડી આવ્યા હતા.

જોકે, ત્યાં સુધીમાં તેમનું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતાં પોલીસે સ્થળ પર પહોંચી પંચનામું સહિતની કાર્યવાહી હાથ ધરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલ ખાતે મોકલી આપ્યો હતો. આ બનાવ અંગે મૃતકના પતિ તેજસભાઈ ચંદ્રેશભાઈ ઠાપાએ પોલીસને જાણ કરી હતી.

ઉપરાંત જામનગરના મહાવીર નગરમાં આવેલ નીલકંઠ સ્કૂલ ની સામે રહેતા વિજયરાજ રમેશચંદ્ર મકવાણા (ઉ.વ. ૪૨)એ માનસિક તણાવમાં જીવન ટૂંકાવી લીધાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે. પ્રાથમિક પોલીસ તપાસ મુજબ, મૃતક બે માસ પહેલાં ઘરે પડી જતાં તેમના પગમાં ગંભીર ઈજા થઈ હતી.

અને ઓપરેશન બાદ લાંબા સમયથી બેડ રેસ્ટ પર હતા. સતત ઘરમાં રહેવું પડતું હોવાથી તેઓ માનસિક તણાવમાં રહેતા હોવાનું તેમજ તેમની સારવાર અને દવા પણ ચાલુ હોવાનું પરિવારજનોએ પોલીસને જણાવ્યું છે. આ માનસિક પરિસ્થિતિથી કંટાળી તેમણે આ પગલું ભર્યું હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે.ઘટનાની જાણ મૃતકના ભાઈ અજયભાઈ રમેશચંદ્ર મકવાણાએ પોલીસને કરી હતી. આથી પોલીસે દોડી જઇ તપાસ હાથ ધરી છે.

આપઘાતના અન્ય એક બનાવમાં ધ્રોલના ચામુંડા પ્લોટ વિસ્તારમાં રહેતા સાહિલ કિશનભાઈ વઘેરા (ઉ.વ.૨૨), એ આપઘાત કરી લીધાનું સામે આવ્યું છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આશરે આઠ મહિના પહેલાં સાહિલની સગાઈ તૂટી ગઈ હતી. આ બાબતે તેના પિતાએ તેને ઠપકો આપ્યો હતો, જેને કારણે તે વ્યથામાં રહેતો હોવાનું બહાર આવ્યું છે. તા. ૧૬ જૂન, ૨૦૨૬ના રોજ વહેલી સવારે આશરે પાંચ વાગ્યાના સમયે જોડીયા પોલીસ મથકથી દક્ષિણે આશરે ૧૬ કિલોમીટર દૂર કેશિયા ગામની વાડી વિસ્તારમાં આવેલા ૬૬ ઊંટ સબ સ્ટેશન નજીક તેને દોડી વળે ગ્લેફાંસો ખાઈ મોત વ્હાલું કરી લીધું હતું. જેનો મૃતદેહ મળી આવતા જોડિયા પોલીસે મોતની નોંધ કરી તપાસ હાથ ધરી છે.

## જામનગરના સાત રસ્તા ફીડરના વિસ્તારોમાં ૧૦ દિવસથી આખી રાત વીજ ધાંધીયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં સાત રસ્તા ફીડરમાં આવતા દિગ્જામ સર્કલ વિસ્તાર ખોડિયાર કોલોની, એમ,પી શાહ વૃધ્ધાશ્રમ, નીલકમલ સોસાયટી સહિતના વિસ્તારમાં દૈનિક છેલ્લા ૮ થી ૧૦ દિવસ થયા રાતના ૧૨થી સવારે ૪ વાગ્યાથી સુધી સતત વીજ પુરવઠો વારંવાર ખોરવાય જતો હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે એટલું જ નહીં આ વીજ પુરવઠો ખોરવાતાની સાથે જ ગ્રાહકો દ્વારા રાજકોટ પીજીવીસીએલની કચેરીએ ફોનની રીંગો કરવા છતાં વીજતંત્ર ના અધિકારીઓ આ વીજ પુરવઠો ખોરવા અંગે દરકાર પણ ન લેતા હોવાની ફરિયાદ લોકો તરફથી ઉઠી રહી છે .

ગ્રાહકો જણાવે છે કે જે રીતે પીજીવીસીએલ તેના બિલના નાણાની વસૂલાત કરવા માટે કડક ઉઘરાણી કરે છે તે લીધે વીજ પુરવઠો ખોરવાય ત્યારે પણ ઝડપથી તેની મરામતનું કામ કરવા ટીમ આવે તે જરૂરી છે. પરંતુ વીજ પુરવઠો બંધ થયાના કલાકો પછી પણ આ મરામતનું કામ કરવા કોઈ આવતું નથી.કરમની કઠણ એ છે કે હાલ જ્યારે વિજ પુરવઠો ખોરવાય છે ત્યારે રાજકોટની પીજીવીસીએલના કંટ્રોલરૂમ ના અધિકારીઓ તેવું જણાવે છે કે ખોડીયાર કોળી રોડ ઉપર જે કેનાલનું કામ હાલમાં ચાલુ છે તેને લઈને રાતના સમયે આ વીજ પુરવઠો ખોરવાઈ જાય છે .

આમ આવું કારણ જયારે જણાવતા હોય ત્યારે જામનગર પીજીવીસીએલના કચેરીના અધિકારીઓએ આ બાબતની દરકાર લઇ રાતના સમયે વીજ પુરવઠા અને વીજ લાઈનને નુકસાન થતું હોય તો તે બાબતે જાગૃતતા દાખવે તે જરૂરી છે કારણ કે આવી કાળજાળ ગરમીમાં વીજ પુરવઠો ખોરવાઈ જાય ત્યારે શું મુશ્કેલી થાય તે સમજી શકાય તેવી બાબત છે

## ખંભાળીયામાં દોઢ દાયકા પૂર્વે નોંધાયેલા છેતરપીંડીના ગુનાનો નાસતો ફરતો આરોપી ઝડપાયોઃ કાર્યવાહી




**સમય સંદેશઃ ખંભાળિયા**

દેવભૂમિ તાલુકામાં રહેતા એક આસામી સાથે વર્ષ ૨૦૧૧ના સમયગાળામાં છેતરપિંડી થયાનો એક બનાવ પોલીસ ચોપડે નોંધાયો હતો. આ પ્રકરણમાં રાજસ્થાન રાજ્યના જયપુર તાબેના આર્યનગર વિસ્તારમાં રહેતા મહેશ ઉર્ફે પ્રકાશ આસનદાસ ધનવાણી નામના ૪૧ વર્ષના શખ્સનું નામ ખુલવા પામ્યું હતું.

પોલીસની ધરપકડથી બચવા માટે ઉપરોક્ત શખ્સ ઘણા સમયથી ફરાર હોય, આને અનુલક્ષીને દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સૂચના મુજબ એલ.સી.બી. વિભાગના ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોશી તેમજ તેમની ટીમ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં એ.એસ.આઈ. મસરીભાઈ ભારવાડીયા, જેસલસિંહ જાડેજા, અને લાખાભાઈ પિંડારીયા વિગેરે દ્વારા ટેકનિકલ સોર્સિસ તેમજ જરૂરી વર્કઆઉટ બાદ બાતમીના આધારે ઉપરોક્ત શખ્સને

અનુ પાના નં.૨ પર

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com